**Title**: IITGn News

**Source**: ***Divya Bhaskar***

**Date**: 03/05/2017

# IITGnના 7 સ્ટુડન્ટ્સ સમર રિસર્ચ પ્રોગ્રામ માટે USA જશે

## ટેક્સાસ એ એન્ડ એમ યુનિ.માં રિસર્ચ માટે જશે

સિટી રિપોર્ટર @ahm_cb

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી) ગાંધીનગર અમેરિકાની ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટી સાથે સમર ઈન્ટર્નશિપ રિસર્ચ પ્રોગ્રામ મે મહિનાના પ્રારંભમાં યોજશે. સ્ટુડન્ટ્સ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ આઈઆઈટી ગાંધીનગર ખાતે સ્ટડી કરતા સાત સ્ટુડન્ટ્સ ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટીમાં બે મહિના માટે રિસર્ચ પ્રોજેક્ટ માટે જશે. આ સાથે ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટીના સાત સ્ટુડન્ટસ પણ આઈઆઈટી ગાંધીનગર ખાતે રિસર્ચ પ્રોજેક્ટ અંતગર્ત સ્ટડી માટે આવશે.

edu talk

આ અંગે ટેક્સાસ ખાતે જઈ રહેલા આઈઆઈટી ગાંધીનગર ખાતે સિવિલ એન્જિનિયરિંગમાં સ્ટડી કરતાં પ્રણવ ચક્રવર્તીએ કહ્યું કે, 'મારો રિસર્ચ એરિયા સ્ટ્રક્ચરલ એનાલિસિસ છે. જેને લઈને અમેરિકામાં ક્યા પ્રકારની મેથડ અને ટેકનિક યુઝ થઈ રહી છે તે વિશે મને આ સમર રિર્સચ પ્રોગ્રામમાં જાણવા મળશે.

ઉલ્લેખનીય છે કે, આઈઆઈટી ગાંધીનગર સ્ટુડન્ટસને ગ્લોબલ લેવલનું એન્જિનિયરિંગ અને ટેકનોલોજીનું નોલેજ આપવા માટે વિદેશની વિવિધ યુનિવર્સિટીઓ સાથે આ જોઈન્ટ રિસર્ચ પ્રોગ્રામ યોજે છે